# શામળાજી-ગોધરા માર્ગ પર બાઈક અથડાતા આશાસ્પદ યુવાનનું કરૂણ મોત







મોડાસા, તા. ૧૭

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના શામળાજી-ગોધરા રાજ્ય ધોરીમાર્ગ પર આવેલા સુરપુર ગામની સીમમાંથી પસાર થતા જીતપુર ગામના આશાસ્પદ યુવાનની બાઈકને વાઘોડીયા ગામના બાઈકચાલકે પુરઝડપે ગફલતભરી રીતે હંકારી રોંગ સાઈડે ટક્કર મારતાં યુવાનના માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા કમકમાટીભર્યુ મોત નિપજ્યુંહતું. બન્ને બાઈક પર સવાર અન્ય ત્રણ યુવાનો ઈજાગ્રસ્ત થતા ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ દ્વારા સાર્વજનિક હોસ્પિટલ મોડાસા ખસેડાયા હતા. મોડાસા રૂરલ પોલીસે અકસ્માતનો ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહિ હાથ ધરી હતી.

મોડાસા તાલુકાના મરડીયા નજીક આવેલા સુરપુર ગામની સીમમાં બાઈકને અન્ય બાઈક ચાલકે ટક્કર મારતા જીતપુર ગામના આશાસ્પદ યુવાનનું મોત નિપજ્યું હતું. જીતપુર ગામના લાલાભાઈ નાનજીભાઈ વણકર અને અમરાભાઈ વણકર બાઈક (ગાડી નં. જીજે૦૯.મએમ.૩૬૬૮) લઈને કામકાજ અર્થે સવારના ૧૦.૩૦ કલાકના સુમારે મોડાસા જવા નીકલ્યા હતા ત્યારે વાઘોડીયા ગામ તરફથી આવી રહેલા બાઈક ચાલક ભાવેશ વક્તુસીંહ સોલંકી પોતાના કબ્જા હેઠળની બાઈક (ગાડી નં. જીજે૯સીબી.૪૯૫૭) પુરઝડપે ગફલતભરી રીતે હંકારી રોંગ સાઈડ જઈ આગળની બાઈકને જોરદાર ટક્કર મારતાં બાઈકચાલક યુવાન લાલાભાઈ નાનજીભાઈ વણકર (ઉં.વ. ૨૫ રહે. જીતપુર) અને અમરાભાઈ રૂપાભાઈ વણકર (ઉં.વ.૪૫)ના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા અને ટક્કર મારનાર બાઈકચાલક ભાવેશ અને બાઈકસવાર આતીશ મકવાણા (બંન્ને ઉંમર વર્ષ ૧૮)ના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા અકસ્માતના પગલે દોડી આવેલા લોકોએ ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ દ્વારા મોડાસા સાર્વજનિક હોસ્પિટલ ખસેડાયા હતા. જીતપુરના આશાસ્પદ યુવાન લાલાભાઈને તબીબે સારવાર હાથ ધરતા ગંભીર ઈજાઓના લીધે સારવાર કારાગત નિવડે તે પહેલા કમકમાટીભર્યુ મોત નિપજતા આ અંગેના સમાચાર જીતપુર ગામમાં થતા દિવાળી પર્વેની ખુશીઓ ગમગીનીમાં છવાઈ ગઈ હતી. મોડાસા રૂરલ પોલીસે બાઈક ચાલક વિરૂદ્ધ અકસ્માતે મોતનો ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહિ હાથ ધરી હતી.

# ગુલાબપુરાની સીમમાંથી ૩૬ હજારના દારૂ અને બિયરના જથ્થા સાથે બે પકડાયા

વિજયનગર, તા. ૧૭

વિજયનગર તાલુકાના ગુલાબપુરા ગામની સીમમાંથી રવિવારે પાસ પરમીટ વિના દારૂનો જથ્થો જીપમાં ભરી જતા બે શખ્સોને એલસીબી પોલીસે ઝડપી લીધા હતા. ત્યારબાદ પોલીસે ચાર જણા વિરૂદ્ધ વિજયનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધી હતી.

આ અંગે પોલીસ સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ ગુલાબપુરા ગામની સીમમાંથી રવિવારે જીપ નં. જીજે.૯.બીસી.૮૩૫૦ તથા એક્ટીવા પર લઈ જીતાભાઈ કેશરભાઈ પટેલ, પ્રકાશભાઈ પનાભાઈ ફનાત અને ધનજીભાઈ હુકાભાઈ ડામોરે રાજસ્થાનના પ્રકાશભાઈ મણીલાલ કલાલ પાસેથી રૂ. ૩૬ હજારની કિંમતનો બિયર અને દારૂનો જથ્થો લઈ આવતા હતા. જે અંગે એલસીબીએ આ જથ્થો ઝડપી લીધો હતો. ત્યારબાદ પોલીસ જીતાભાઈ પટેલ, પ્રકાશભાઈ ફનાતને ઝડપી લીધા હતા. જોકે ધનજીભાઈ ડામોર પોલીસને જોઈ ભાગી ગયા હતા. ત્યારબાદ ચારેય જણા વિરૂદ્ધ વિજયનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવાઈ હતી.



બિહારમાં મહિમા ધરાવતી છઠ પૂજાનું પૂજન-અર્ચન ઈન્દિરા બ્રિજ પાસે આયોજન કરવામાં આવ્યું હતું... આ પ્રસંગે બિહારી પરિવારની મહિલાઓએ સૂર્ય ભગવાનને અર્ઘ્ય અર્પણ કરી સૂર્ય ઉપાસના કરી હતી. આ પ્રસંગે ગુજરાતના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ ઉપસ્થિત રહ્યા હતા....

# ૬ મનપાના મેયરોનું રોટેશન જાહેર કરાયું

અમદાવાદ, તા.૧૭

ગુજરાત રાજયની ૬ મ.ન.પા.ની ૫૭૨ બેઠકો માટે તા.૨૨ નવેમ્બર મતદાન યોજાનાર છે. આ મતદાન બાદ મેયરોની પસંદગી સંદર્ભે રાજયના શહેરી વિકાસ વિભાગે મેયરની ટર્મ અઢી વર્ષની નક્કી કરી છે અને રોટેશન જાહેર કર્યું છે. અમદાવાદને પ્રથમ અઢી વર્ષ માટે જનરલ અને બીજા અઢી વર્ષ સ્ત્રી, વડોદરામાં બેકવર્ડ કલાસ અને બીજી ટર્મમાં મહિલા તો સુરત મ.ન.પા.ને મહિલા (મેયર) મળશે. બીજી ટર્મમાં જનરલ, રાજકોટ મ.ન.પા.ને જનરલ પ્રથમ મેયર અને ત્યારબાદ મહિલા મેયર, ભાવનગરને પ્રથમ મહિલા મેયર અને બીજી ટર્મમાં જનરલ મેયર, જામનગરમાં પ્રથમ મહિલા મેયર અને પછી અઢી વર્ષ માટે બેકવર્ડ કલાસને મેયરપદ મળશે. શહેરી વિકાસ વિભાગના સત્તાવાર સૂત્રોએ જાહેર કરેલા મુંબઈ પ્રોવિઝન મ્યુનિસિપલ કોર્પોરેશન એકટ-૧૫ મુજબ મેયરોનું રોટેશન જાહેર કરવામાં આવેલ છે.

# બનાસકાંઠામાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં બરાબરીનો જંગ

## પાલનપુરમાં ૧૧ વોર્ડમાં ૧૧૦ ઉમેદવારો : ડીસામાં ભાજપ-કોંગ્રેસના ૮૮ મળી કુલ ૧૬૦ ઉમેદવારો મેદાનમાં

પાલનપુર, તા. ૧૭

બનાસકાંઠા જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ અંતર્ગત પાલનપુર અને ડીસા નગરપાલિકા તથા ધાનેરા નગરપાલિકાની ૪ બેઠકો માટે આગામી તા. ૨૯ નવેમ્બરે ચૂંટણીઓ યોજાશે. આ ચૂંટણી જંગનો પ્રારંભ દિપાવલી પર્વ સાથે જ થઈ જવા પામ્યો છે.

પાલનપુર-ડીસામાં નવા સીમાંકન મુજબ યોજાઈ રહેલ પ્રથમ ચૂંટણીઓમાં ધરખમ ઉમેદવારોના સપના રોળાઈ જવા પામ્યા છે. નવા વિસ્તારો-જૂના વિસ્તારોની આંતરિક નવી રચનાથી ઉમેદવારો માટે મતદારોની સંખ્યા પણ ૯ થી ૧૨ હજાર પહોંચી જવા પામી છે. તેથી વધુ મત મેળવવા આકરી મહેનત જરૂર પડશે તેવું જણાઈ રહ્યું છે. તેમજ એક જ વોર્ડમાં ત્રણને બદલે હવે ચાર ઉમેદવારોની પેનલ જંગ લડશે. પાલનપુરમાં ૧૧ વોર્ડની ૪૪ બેઠકો માટે ભાજપ-કોંગ્રેસના કુલ ૮૮ સહિત ૧૧૦ ઉમેદવારો મેદાનમાં છે. જ્યારે ડીસામાં ભાજપ-કોંગ્રેસના ૮૮ સાથે કુલ ૧૬૦ ઉમેદવારો જંગ લડી રહ્યા છે. પાલનપુરમાં સૌથી વધુ ૧૩ ઉમેદવારો વોર્ડ નં. ૧ માં લડી રહ્યાં છે. ડીસામાં સૌથી વધુ ૨૯ ઉમેદવારો વોર્ડ નં. ૧૧માં ચૂંટણી લડી રહ્યા છે. ડીસામાં અપક્ષોનું જૂથ અપનાદળ ઉતર્યુ છે. જેણે કોંગ્રેસને ટેકો આપી રહ્યું હોવાનું જાહેર કર્યુ છે.

જિલ્લા કલેકટર દિલીપ રાણાની દેખરેખ હેઠળ ચૂંટણી પંચ અને એસ.પી. ચિરાગ કોરડીયા ચૂંટણી દરમ્યાન કાયદો વ્યવસ્થા જાળવવા ખડેપગે ટીમ તૈનાત કરી રહ્યા છે.

# સાબરકાંઠા જિલ્લા પંચાયતમાં ક્યાં-કેટલા અપક્ષો ચૂંટણી લડશે

હિંમતનગર, તા. ૧૭

૨૯ નવેમ્બરે યોજાનાર જિલ્લા પંચાયતની હિંમતનગર તાલુકાની આઠ બેઠકો માટે બે અપક્ષ અને બે અન્ય પક્ષો, ઈડરમાં સાત બેઠક માટે એક અપક્ષ અને એક અન્ય પક્ષના ઉમેદવાર, વડાલીની બે બેઠક માટે ફક્ત અપક્ષ ઉમેદવાર, ખેડબ્રહ્માની ચાર બેઠક માટે અપક્ષ કે અન્ય પક્ષના કોઈ ઉમેદવાર નથી. તેજ પ્રમાણે પોશીના તાલુકામાં પણ ભાજપ અને કોંગ્રેસ વચ્ચે સીધી ટક્કર રહેશે. વિજયનગરની ત્રણ બેઠક માટે એક અન્ય પક્ષના તથા અપક્ષે પણ ચૂંટણીમાં ઝંપલાવ્યું છે. પ્રાંતિજ તાલુકાની વાત કરીએ તો ચાર બેઠક માટે છ અપક્ષોએ ચૂંટણીજંગમાં ઝંપલાવ્યું છે. સાથોસાથ તલોદ તાલુકાની જિલ્લા પંચાયતની ચાર બેઠક માટે એક અન્ય પક્ષના ઉમેદવાર મેદાનમાં છે. હિંમતનગર પાલિકામાં ૯ વોર્ડની ૩૬ બેઠક માટે યોજાનાર ચૂંટણીમાં ભાજપ-કોંગ્રેસના ૩૬ તથા નવ અપક્ષોએ ચૂંટણીમાં ઝંપલાવ્યું છે.

# હીંગળાજ પાસે અજાણ્યા વાહને બાઈકને ટક્કર મારતા ચાલકનું મોત

ઈડર, તા. ૧૭

ઈડર તાલુકાના હીંગળાજ ગામની સીમમાંથી ગત શનિવારે પસાર થઈ રહેલા એક અજાણ્યા વાહને બાઈક નં. જીજે.૯.સીએલ.૦૭૬૭ના ચાલક મહંમદભાઈ દેત્રોલીયાને ટક્કર મારતા તેમનું ગંભીર ઈજાને કારણે મોત નિપજ્યું હતું. તેમજ બાઈક પાછળ બેઠેલ હસીનાબેન જલીમભાઈને પણ ઈજા થઈ હતી. જે અંગે સલમાનભાઈ મહંમદભાઈ દેત્રોલીયા (રહે. ગઢા)એ રવિવારે અજાણ્યા વાહન ચાલક વિરૂદ્ધ જાદર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

# દંત્રાલ ગામ નજીક બાઈક ડીવાઈડર સાથે અથડાતા મોત

પોશીના, તા. ૧૭

પોશીના તાલુકાના દંત્રાલ ગામની સીમમાંથી ગત તા. ૯ નવેમ્બરના રોજ જયનારાયણ બાબુરામ પાલ બાઈક નં. આર.જે.૩૮.એસએ.૭૭૪૧ને પુરઝડપે હંકારી ડીવાઈડર સાથે અથડાવી દીધુ હતુ. જેથી તેમનું ગંભીર ઈજાને કારણે મોત નિપજ્યું હતું. જે અંગે રવિવારે બનાસકાંઠા જિલ્લાના હડાદ ગામના રાજનારાયણ બાબુરામ પાલે પોશીના પોલીસ સ્ટેશનમાં જાણ કરતા પોલીસે ઘટતી કાર્યવાહી હાથ ધરી હતી.

# રાજદ્રોહ પ્રકરણમાં અમદાવાદ સેશન્સ કોર્ટમાં હાર્દિકની અરજી

**૨૦મી નવેમ્બરના દિવસે સુનાવણી હાથ ધરાશે : સુરત પછી અમદાવાદમાં પણ અરજી : હાર્દિકની મુશ્કેલી**

અમદાવાદ, તા.૧૭

હાર્દિક પટેલની મુશ્કેલીઓ હજુ ઓછી થાય તેવા સંકેત દેખાઈ રહ્યા નથી. તેની સામે એક પછી એક કેસો નોંધાયેલા છે અને હાલ કાયદાકીય પ્રક્રિયાનો સામનો કરી રહ્યો છે. પાટીદાર સમુદાય માટે આંદોલન ચલાવીને ગુજરાતને હચમચાવી મુકનાર અનામત આંદોલન સમિતિના કન્વીનર હાર્દિક પટેલે હવે જામીન માટે અમદાવાદ સેશન્સ કોર્ટમાં અરજી કરી છે. અમદાવાદ ક્રાઈમ બ્રાંચે હાર્દિક પટેલ સહિત ૬ પાટીદાર નેતાઓ સામે રાજદ્રોહ અને કાવતરુ ઘડવાના ગુનો નોંધીને તેમની ધરપકડ કરી હતી. જે કેસમાં હાર્દિક જામીન માટે અરજી કરી છે, તેની સુનાવણી ૨૦ નવેમ્બરના રોજ હાથ ધરવામાં આવશે.

૨૫મી ઓગસ્ટના રોજ જીએમડીસી ગ્રાઉન્ડ પર યોજાયેલી મહાસભા અને રેલી બાદ ફાટી નીકળેલા તોફાનો દરમિયાન હાર્દિક પટેલ સહિત તેના સાથીદારોએ કાર્યકર પાટીદારોને ફોન કરીને એસટીબસો સળગાવવી તેમજ નેતાઓ, ધારાસભ્યોની ઓફિસો, મકાનો પર હુમલા કરવા,પોલીસ પર હુમલા કરવા ઉપરાંત વિધાનસભામાં બોમ્બ ફેંકવાની વાતચીત કરી હોવાના સજ્જડ પુરાવા કરીને તેમની સામે ગુનો નોંધ્યો હતો. હાર્દિક સુરત સેશન્સ કોર્ટમાં પણ જામીન માટે અરજી કરી છે. અરજી પર આગામી ૧૯મી નવેમ્બરના રોજ સુનાવણી હાથ ધરવામાં આવનાર છે. ૧૯મી ઓક્ટોબરે હાર્દિકનો સુરત પોલીસે ટ્રાન્સફરર વોરન્ટથી કબજો મળવ્યો હતો. પોલીસ કબજા અને જેલમાં બરાબર ૨૯ દિવસ રહ્યા બાદ હાર્દિકે જામીન અરજી કરી છે.

# અરવલ્લી જિલ્લા ભાજપના કાર્યકર્તાઓનું સ્નેહમિલન યોજાયું

મોડાસા, તા. ૧૭

અરવલ્લી જિલ્લાના મોડાસા ચાર રસ્તા પર આવેલા કાર્યક્રમ ભાજપના રાષ્ટ્રીય નેતા પુરષોત્તમ રૂપાલના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવ્યું હતું. જેમાં ચૂંટણીઓમાં ઉપસ્થિત ઉમેદવારો અને કાર્યકર્તાઓને યોજાનારી ચૂંટણીઓમાં ભવ્ય વિજય મેળવવા







નગરપાલિકાના ટાઉનહોલમાં જિલ્લાના તમામ ૬ તાલુકાના કાર્યકર્તાઓનું નવા વર્ષની પ્રથમ કાર્યકર્તા નૂતન વર્ષાભિનંદન સંમેલન યોજાયુ હતુ. આ કાર્યકર્તા સંમેલનમાં જિલ્લાના ભારતીય જનતા પાર્ટીના રાજકીય અગ્રણીઓ અને કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. ભાજપા કાર્યકર્તાઓનું સંમેલન લાભ પાંચમના પવિત્ર દિવસે યોજાયેલા ગુજરાત રાજયના ગૃહમંત્રી રજનીકાન્ત પટેલ, સાંસદ દીપસિંહ રાઠોડ, ભાજપા જિલ્લા પ્રમુખ ભરતસીંહ રહેવર, જિલ્લા પ્રભારી હર્ષદગીરી ગોસ્વામી ઉપસ્થિત રહ્યા હતા. ભાજપા કાર્યકર્તા સંમેલનમાં પુરુષોત્તમ રૂપાલાએ સ્વરાજ્યની માર્ગદર્શન પુરુ પાડી જિલ્લાના કાર્યકર્તાઓને ભાજપાનો જીતાવડા આહવાન કર્યુ હતું. આ કાર્યકર્તા સંમેલનમાં જિલ્લાના મહામંત્રી ધીરૂભાઈ પ્રજાપતી, ભાજપા યુવા મોરચાના પ્રમુખ અનિલ પટેલ અને રાજુભાઈ પટેલ દ્વારા સ્વરાજ્યની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીનો ભવ્ય વિજય થવાનો આશાવાદ વ્યક્ત કર્યો હતો.

# રાજ્યમાં તાપમાન ઘટ્યું : ઠંડીનો ચમકારો

અમદાવાદ, તા.૧૭

અમદાવાદ સહિત રાજ્યભરમાં તાપમાનમાં સતત ફેરફારની સ્થિતિ જોવા મળી રહી છે. જેના ભાગરૂપે આજે અમદાવાદમાં લઘુત્તમ તાપમાન ૧૭ ડિગ્રી થઈ ગયું હતું જે ગઈકાલે ૧૭.૭ ડિગ્રી હતું. જ્યારે ગાંધીનગરમાં ૧૭.૫ ડિગ્રી તાપમાન રહ્યું હતું.

આજે નલિયામાં લઘુત્તમ તાપમાન ઘટીને ૧૫.૬ ડિગ્રી નોંધાયું હતું. તાપમાનમાં સતત ફેરફારની સ્થિતિ હાલમાં જોવા મળી રહી છે. અમદાવાદ સહિત રાજયભરમાં તાપમાનમાં ઉતારચઢાવની સ્થિતિ વચ્ચે હવે હવામાન વિભાગ કહી ચુક્યું છે કે, ગુજરાતમાં તીવ્ર ઠંડીની અસર એક સપ્તાહ બાદ લોકોને અનુભવ થશે.

હવામાન વિભાગનું કહેવું છે કે નવેમ્બર મહિનામાં ઘણા દિવસો જતા રહ્યા હોવા છતાં તીવ્ર ઠંડીની અસર જોવા મળી રહી નથી. પરંતુ એક સપ્તાહ બાદથી ઠંડીનો ચમકારો જોવા મળી શકે છે. હાલમાં જ પસાર થયેલા વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના પરિણામ સ્વરૂપે ઠંડીની શરૂઆત થવામાં વિલંબ થયો છે.

## ચૂંટણી પ્રચાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

પાછલા કોંગ્રેસના શાસનમાં જે પ્રકારનો માહોલ હતો, વિકાસ હતો તેની સરખામણી ભાજપે કરેલા વિકાસના કામો સાથે કરીએ તો ખ્યાલ આવે કે મેયર, ડે.મેયર કેવા કામો કરે છે તે ખ્યાલ આવે છે. પૂર્વના વિસ્તારોની અંદર પાંચ મેડીકલ કોલેજો ઉભી કરી છે. વિદ્યાર્થીઓએ પહેલા પશ્ચિમ વિસ્તારમાં અભ્યાસ કરવા જવું પડતું હતું. પરંતુ હવે ઘર આંગણે અભ્યાસની સવલત ભાજપે આપી છે. પૂર્વના વિસ્તારો પહેલા એવું પાણી પીતા હતાં કે રોગો થતા હતાં પરંતુ મ્યુનિસિપલ કોર્પોરેશને હવે નર્મદાનું પાણી ઘર ઘર પહોંચાડી દીધું હવે આપણને એ પાણી મળે છે. ગાડી અને સ્કુટરો પણ એ જ પાણીથી ધોવાય છે. ટ્રાફિકની સમસ્યા આપણે નડતી હતી પરંતુ ૧૩૦૦૦૦ લોકો આજે બીઆરટીએસની મુસાફરી કરી રહ્યાં છે. આગામી વર્ષોમાં તેમાં વધારો થાય તેવા પ્રયત્નો થશે. ટ્રાફિકની સમસ્યા માટે પ્રયત્નો થશે. ટ્રાફિકના નિતી નિયમો પાળીશું તો કોઈ સમસ્યા પેદા નહીં થાય. રાસ્કા વિયરનું પાણી પૂર્વમાં આવે છે. રાસ્કાનું પાણી કેનાલથી નહીં અને મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પાઈપલાઈન મળે તેવા પ્રયત્નો છે. મુખ્યમંત્રી આનંદીબેન પટેલે વિનંતી કરતા કહ્યું હતું કે ચાર દિવસ પહેલા ભાઈબીજ ગઈ... ભાઈબીજના દિવસે ભાઈ બહેનના ઘરે જાય છે. હું ભાઈઓના ઘરે આવી છું. અને ભાઈના ઘરે બહેન આવે તો ખાલી હાથે પાછી ન જાય. ગરીબ ભાઈ હોય તો પણ કંઈકને કંઈક આપે. હું આજે તમારી પાસે એક જ માંગણી અને એક જ લાગણી વ્યક્ત કરું છું. ૨૨મી તારીખે ચાર ઉમેદવારોને કમળના નિશાનને મત આપીને બધા ઉમેદવારોને વિજયી બનાવો.

## કોંગ્રેસની ખાતરી

● અનુસંધાન પહેલાનું ચાલુ

તમામ પગલાઓ પણ લેવામાં આવશે. અમદાવાદને રોગમુક્ત શહેર બનાવવાની કોંગ્રેસે યોજના તૈયાર કરી છે. આરોગ્યની સુવિધાને ધ્યાનમાં લઈને ત્રણ નવી કોર્પોરેશન સંચાલિત સંપૂર્ણ આધુનિક સુવિધાઓથી સજ્જ હોસ્પિટલ ઉભી કરાશે.ટ્રાફિકને સુસંચાલિત કરવા માટે અને ટ્રાફિકની સમસ્યાને હળવી કરવા માટે કોંગ્રેસે નવી યોજના તૈયાર કરી છે, જેના ભાગરૂપે ઘણી જગ્યાઓએ નવા બ્રિજ બનાવવામાઆવશે. જેના ભાગરૂપે અંજલી ચાર રસ્તા, જુના વાડજ, નરોડા રેલવે ક્રોસીંગનો સમાવેશ થાય છે. કરવેરા અને ટેક્સમાં પ્રજાના રૂપિયા કઈ જગ્યાએ અને ક્યાં વપરાય છે તેનો પારદર્શક વહિવટ આપવા માટે ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવશે. પ્રજા સરળતાથી તેમના નાણાં ક્યાં વપરાઈ રહ્યા છે તે જોઈ શકે તેવું આયોજન કરાશે. અમદાવાદ શહેરમાં રોજના એકત્રિત થતા કચરાના નિકાલ માટે પણ ખાસ આયોજન કરવામાં આવ્યું છે. ફુટ ઓવર બ્રીજ, ઐતિહાસિક વારસાની જાળવણી, લાયબ્રેરી, સ્વરોજગારલક્ષી યોજનાઓ, સ્લમ ફ્રી સીટીનું પણ આયોજન કરાયું છે.કોમ્યુનિટિ હોલની સુવિધા લોકોને મળે તે માટે ૧૦ નવા કોમ્યુનિટિ હોલ બનાવાશે.

## સર્વિસ વોટર્સ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દહેગામમાં આ મતદારોની સંખ્યા ૯૧ છે જ્યારે કલોલમાં આવા મતદારોની સંખ્યા ૭૮ નોંધાયેલી છે.

તંત્ર દ્વારા ઈલેક્શન ડ્યુટી ધરાવનાર કર્મચારીઓ તેમના પ્રમાણપત્ર રજુ કરેથી તેમને મતપત્રો ફાળવશે. આ માટે એ.આર.ઓ. અને આર.ઓ. કચેરી દ્વારા વ્યવસ્થાઓ ગોઠવી દેવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લામાં ૨૯મી નવેમ્બરના રોજ મતદાન યોજાનાર છે. તંત્ર દ્વારા ચૂંટણીની તૈયારીઓ પૂરજોશમાં આરંભી દેવામાં આવી છે. ચૂંટણીમાં કર્મચારીઓને બીજા તબક્કાની તાલિમ પણ આગામી સપ્તાહમાં યોજવામાં આવનાર હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

## નવાં કલેવર (૪ પાનાનું ચાલુ...)

લાગ્યો કે શુભમે દોસ્તીનું નાટક કરી અમિત અને મારા વચ્ચે દુશ્મનાવટ ઊભી કરી છે. ખરેખર હું કાચા કાનનો કહેવાઉં. જેથી તેની ચાલમાં ફસાઈ ગયો. કાલે જ સંસ્કૃતના ટીચરે સમજાવેલું કે કાચા કાનનો વ્યક્તિ બીજાની વાતો અને અફવાઓ પર જલ્દી વિશ્વાસ કરી લે છે. ખરેખર હું કાચા કાનનો છું. મેં મારા પાક્કા મિત્ર અમિતને દુઃખી કર્યો. છતાં તે સાચ્ચો મિત્ર છે. તે દિલથી મને પ્રેમ કરે છે. હું કાલે જ તેની માફી માંગી કેપ્ટનશીપ તેને સોંપી દઈશ. ખરેખર એ જ કેપ્ટન થવાને લાયક છે. તે કેટલો વિનમ્ર છે. મને તો કેપ્ટનશીપ મળતાં કેટલું અભિમાન આવી ગયેલું. આજ મેં કોઈ સાથે સરખી રીતે વાત પણ કરી નહોતી. ના... ના... હવે હું જીવનમાં કયારેય કોઈની કાન ભંભેરણીમાં આવીશ નહીં. સુમિત બીજે દિવસે હાઈસ્કૂલમાં ગયો. તેણે કલાસ ટીચરને પોતાનો અભિપ્રાય જણાવ્યો અને કહ્યું કે અમિત જ કેપ્ટન બનશે. હું તેની માફી માગું છું. મેં તેને દુઃખ પહોંચાડ્યું છે. તેનો મને ખેદ છે. ટીચરની સામે બંને મિત્રો એકબીજાને ગળે મળ્યાં બંનેની આંખોમાં આંસુ આવી ગયાં. બધા વિદ્યાર્થીઓએ તાળીઓ પાડી. સૌના ચહેરા હર્ષથી ખીલી ઊઠ્યા.

## વિચારોના મધુવનમાં (૪ પાનાનું ચાલુ...)

માનજો. આજની ભાગદોડમાં પતિ એમ માનીને દોડે છે કે મારા ઘરને હું આગળ લાવી દઉં. (જો કે આમાં નિમ્ન મધ્યવર્ગના લોકોને આપણે ગણી ન શકીએ.) સમાજમાં આપણો મોભો વધી જાય. ચા મૉડેલની કાર અને એપલનો મૉબાઈલ આપણી ઓળખ બની જાય તો કેવું સારું.

ભારતીય ક્રિકેટ ટીમમાં જેણે સ્થાન મેળવી લીધું છે તેવા ચરોતરના અક્ષર પટેલની સંયુક્ત કુટુંબ અંગેની ફિલસૂફી સાંભળવા જેવી છે. 'મારી કારકિર્દીમાં પિતાનો બહુ મોટો ફાળો છે. હું આ સંસારની ઝાકમઝાળમાં ખોવાઈ ન જાઉં, રાઈટ ટ્રેક પર રહું એનું પિતાએ ધ્યાન રાખ્યું. મને જેમાં રસ છે તેમાં રસ લઈને એમણે મને આ સ્થાને પહોંચાડ્યો. બાળપણથી જ મારામાં સંસ્કારોનું સીંચન એ રીતે થયું કે ગમે એવી પરિસ્થિતિમાં હું મગજ શાંત રાખી શકું છું. સંયુક્ત કુટુંબમાં મારો ઉછેર થયો છે એને કારણે મારામાં કુટુંબ ભાવના કેળવાઈ, જે ટીમવર્કમાં કામ લાગે.

## hello ફ્રેન્ડ્સ! (૪ પાનાનું ચાલુ...)

તબક્કે એક મોટું ભયસ્થાન એટલું કે નવી ઓળખ ઊભી કરવાં માણસ પોતાની મૂળભૂત ઓળખ પણ ગુમાવી બેસે છે...

અને છેલ્લે જે માણસો સાચે જ યશસ્વી થવા, પોતાની મરજીના માર્ગે જીવવા પહોંચે છે. પોતાની જાતને જ પ્રશ્ન પૂછે છે, પોતાના નિર્ણયો જાતે લઈ પોતાની જ વિચારસરણીને અનુસરે છે, સગાં-સંબંધી-મિત્રોને પસંદ કરે છે, નવી દુનિયા રચે છે, અને પોતાની લાઈફ મોજથી જીવે છે... પોતાનું અસ્તિત્વ દુનિયા સામે મુકે છે, અને પોતે એક હસ્તી બની જાય છે, એનો મૂળ માર્ગ તો આનંદનો હોય છે, અને દુનિયા એને સફળતાનો પુરસ્કાર આપે છે!!

**ચૂંટલો** : આ દુનિયામાં સૌને ભૌતિક સુખો સાથેનો આનંદ માણવો છે. જવાબદારીના આનંદ સાથે દુનિયાના સુખો માણવાની રીત બેલેન્સ કરવી ફાવી ગઈ તો સંકટભરી જિંદગી નવાં વર્ષની બક્ષિસ બનીને તમારાં બારણે ટકોરા મારશે.

(શિર્ષક પંક્તિ : અદમ ટંકારવી)